મેઘરજમાં મુસ્લિમ મહિલાઓના ચાલતા

સખી મંડળ દ્વારા બનાવેલ હિન્દુધર્મના પ્રતિકોવાળી ટાઈલ્સ લગાવાતાં હોબાળો : હિન્દુ સંગઠનોનો વિરોધ

દેશમાં બિનસાંપ્રદાયીકતાના નામે અને હિન્દુ મુસ્લિમ એકતાના નામે બૂમરાણ મચાવતા લોકોના ગાલ ઉપર અરવલ્લી જિલ્લાના મેઘરજ ગામે બનેલી એક ઘટનાથી સણસણતો તમાચો ચોંટ્યો હોય એવો

ઘાટ સર્જાયો છે. મેઘરજ ગ્રામપંચાયત દ્વારા શૌચાલય બનાવવાની કામગીરી જે સખી મંડળોને આપવામાં આવી હતી તે પૈકી અમન સખી મંડળ દ્વારા બનાવાયેલ શૌચાલયમાં હિન્દુ ધર્મના પ્રતિકોનો ઉપયોગ કરાયાનું સામે આવતાં મેઘરજ ગામમાં અને સમગ્ર પંથકમાં આક્રોશ વ્યાપ્યો હતો.

બનાવની વિગત એવી છે કે ભારતીય જનતા પાર્ટીના જિલ્લા મંત્રી કનુભાઈ પરમારને કોઈએ એવું જણાવ્યું હતું કે અમન સખી મંડળ દ્વારા બનાવાતા શૌચાલયમાં હિન્દુ ધર્મના પ્રતિકોનો ઉપયોગ થયો છે. તેઓએ ઘટના સ્થળે જઈને તપાસ કરતાં ઈન્દીરાનગરમાં મકરાણી કાલુભાઈ કરીમભાઈના ઘરે અમન સખી મંડળના મુમતાઝ ખેરાડા અને સમીમબાનો ભાયલા દ્વારા બનાવાતા સંડાસમાં હિન્દુ ધર્મના પ્રતિકો જેવા કે શિવાલય, ઓમ, દિવા, ભગવાન કૃષ્ણના, ભગવાન ગણપતિના, શ્રીફળ, કળશના પ્રતિકોવાળી ટાઈલ્સનો ઉપયોગ કરાયો હતો. જેને લઈને ગામના હિન્દુ સમાજમાં રોષ વ્યાપી ગયો હતો અને કનુભાઈ સહિતના હિન્દુ સંગઠનોના કાર્યકર્તાઓએ તાલુકા પંચાયતે પહોંચીને ટીડીઓ સમક્ષ વિરોધ નોંધાવ્યો હતો. જેના અનુસંધાને ટીડીઓએ સરપંચને જાણ કરતાં સરપંચે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં ઘટનામાં સત્યતા જણાતાં ટાઈલ્સો કઢાવી દેવામાં આવી છે.

ટીડીઓ શું કહે છે ?

આ અંગે તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરી સાથે ટેલીફોનીક વાતચીત કરતાં તેઓએ જણાવ્યું હતું કે આ સખત નંદનીય અને વખોડવા લાયક ઘટના છે. આ અમન સખી મંડળ સામે નિયમ અનુસાર કાર્યવાહી કરવાનું સરપંચને સૂચના આપી દીધી છે. આ સખી મંડળના પેમેન્ટ અટકાવવાની પણ કાર્યવાહી કરાશે.

ફરિયાદી કનુભાઈ પરમાર શું કહે છે ?

આ ઘટનાને ઉજાગર કરનાર વિશ્વ હિન્દુ પરિષદના પૂર્વ કાર્યકર્તા અને વર્તમાનમાં ભાજપના જિલ્લા મંત્રી કનુભાઈ પરમારે આ મુદ્દે ટીડીઓ સમક્ષ ઉગ્ર આક્રોશ સાથે રજૂઆત કરી હતી. જેમાં તેમણે અમન સખી મંડળનો કોન્ટ્રાક્ટ રદ કરવો, સખી મંડળનું પેમેન્ટ સ્ટોપ કરવું અને એટલું જ નહીં આ ધાર્મિક લાગણી દુભાવવાનો ગુનો બનતો હોય ફોજદારી ધારા હેઠળ એફઆઈઆર કરવી તેવી માંગ કરી હતી.

સખી મંડળની સંચાલિકાઓ શું કહે છે ?

આ નંદનીય ઘટના પ્રકાશમાં આવતાં ટીડીઓએ સખી મંડળની સંચાલિકાઓ મુમતાઝ ખેરાડા અને સમીમબાનુ ભાયલાને બોલાવીને આ ઘટના સંબંધે પુછતાં તેઓએ કડિયાઓ દ્વારા ભુલથી હિન્દુ ધર્મના પ્રતિકોવાળી ટાઈલ્સો સંડાસમાં લગાવી દીધી હોવાનું કબુલ્યું હતું અને માફીપત્રમાં આ ગંભીર ભૂલ માફ કરવા લાયક નથી તો પણ માફ કરવા અમારી નમ્ર વિનંતી છે તેમ જણાવી સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

...તો ગાંધીનગર કૂચ કરવા અલ્પેશ ઠાકોરની ચીમકી

ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અવારનવાર દાવા કરતા હોય છે કે તેમનો પક્ષ એટલે કે ભાજપ ખૂબ જ શિસ્તબદ્ધ છે. કોંગ્રેસ કે અન્ય રાજકીય પક્ષ જેવું કલ્ચર નથી શિસ્તબદ્ધ પક્ષ ગણાતા ભાજપના નેતાઓ જ એલઆરડી ભરતીમાં અનામત વર્ગના મહિલા ઉમેદવારને નુકશાનકારક સરકારના પ્રતિનિધિઓને ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ-જીએડીએ ૧લી ઓગસ્ટ ૨૦૧૮ના ઠરાવને રદ કરવાની માંગ કરી હતી. સરકાર સામે બાયો ચઢાવી હોય તેમ નિવેદનોથી શિસ્તબદ્ધ પક્ષ ગણાતા ભાજપના નેતાએ જ ભાજપના શિસ્તના લીરેલીરા ઉડાડી રહ્યા હોવાનું કાર્યકરો અહેસાસ અનુભવી રહ્યા છે. ત્યારે ગતવર્ષે કોંગ્રેસના ધારાસભ્યપદ પરથી રાજીનામુ આપી ભાજપનો ખેસ ધારણ કરનાર અને રાધાનપુરથી ભાજપમાંથી રાધનપુર વિધાનસભા બેઠક પરથી હારનો સ્વાદ ચાખનાર અલ્પેશ ઠાકોરે ઠરાવ રદ કરવા સરકારને અલ્ટીમેટમ આપી સરકાર નિર્ણય નહિ કરે તો ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધી પદયાત્રાની ચીમકી ઉચ્ચારવામા આવતા સરકાર માટે ભારે કમાઠણ સર્જાઈ છે.

ભાજપના અલ્પેશ ઠાકોરે એક વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ કરી રાજ્ય સરકાર સામે રીતસર બાયો ચઢાવી ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપી દીધું છે જેમાં

જય જય ગરવી ગુજરાત સાથે છેલ્લા ૬૪ થી વધારે દિવસોથી ઓબીસી સમાજની દીકરીઓ આંદોલન કરી રહી છે. એક ગેરબંધારણીય ઠરાવ કરવામાં આવ્યો છે જે ગરીબોના અધિકારો પર તરાપ મારવા સમાન અને અન્યાય કરવા સમાન છે. આ ઠરાવ સંદર્ભે રાજ્ય સરકારે ત્રણ દિવસ પહેલા તમામ આગેવાનોની બેઠક બોલાવી હતી. જેમાં એવી ખાતરી આપવામાં આવી હતી કે આ ઠરાવ બાબતે સુધારો કરવામાં આવશે. ત્રણ દિવસ વીતી ગયા છતાં હજી આ ઠરાવ નથી કરવામાં આવ્યો. રાજ્ય સરકારને નમ્ર અપીલ કરુ છું કે ૪૮ કલાકમાં આનો નિવેડો લાવો. સરકાર કોઈ પગલાં નહીં લે તો સોમવારે ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધી પદયાત્રા કરીશ. આ પદયાત્રા સંવિધાનિક અધિકારોના રક્ષણ માટેની હશે. સંવિધાનિક અધિકારોના જતન માટે હશે. ગરીબોના અધિકારોના રક્ષણ માટે હશે. એ પછી પણ કોઈ નિવેડો નહીં આવે તો સોમવારે ગાંધીનગર પહોંચ્યા પછી આગામી રણનીતિ ઘડીશું. પરંતુ મને આશા છે કે રાજ્ય સરકાર ત્વરિત નિર્ણય કરશે. છેલ્લા બે દિવસથી કેટલાક લોકો રાજ્યમાં અરાજકતા ફેલાવવાનું કામ કરે છે. તેમને વિનંતી છે કે ગુજરાતમાં અશાંતિ ફેલાય તેમજ વર્ગ-વિગ્રહ થાય તેવું કોઈ કામ ન કરે.

મોડાસા ખાતે રાજ્ય યોગમુદ્રા ટ્રેનર તાલિમ શિબિર યોજાઈ

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં તાલુકા પંચાયત હોલમાં ગુજરાત રાજ્ય યોગમુન્દ્રા ટ્રેનર તાલીમ શિબિર યોજાઈ ગઈ, આ શિબિરમાં "યોગ કરો રોજ કરો સ્વસ્થ બનો"ના સુત્રને સાર્થક કરવા યોગ ટ્રેનરની મીટીંગ રાખવામાં આવેલ હતી. આ મિટિંગમાં મોટી સંખ્યામાં યોગ ટ્રેનરો ઉપસ્થિત રહ્યા હતા. યોગ કોચ ચંદ્રકાંત મકવાણા, રોહિત પ્રજાપતિ દ્વારા યોગ ટ્રેનરોને કામગીરી અંગેનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ શિબિરને નરેશભાઈ પટેલ, અમિતભાઈ કવિ પ્રોફેસર વીસી. શાહ, નવીનભાઈ રામાણી તેમજ ડૉ. દિપ્તીબેન ઉપાધ્યાયે ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ધાનેરામાં બિનકાયદેસર રીતે ધંધો કરતા વ્યાજખોરોનો વધી રહેલો ત્રાસ

ચક્રવર્તી વ્યાજ લેવા છતાં ધમકીઓ આપતા વ્યાજ ખાનારા તત્વો

ધાનેરામાં આર્થિક ગરીબ વર્ગ પોતાની ઈમરર્જન્સી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ના છૂટકે વ્યાજે આપનારા લોકો નો કોન્ટેક કરવો પડે છે જે વ્યાજે આપનાર પોતાના રૂપિયાનું દસ ગણું વ્યાજ લઈ લોકોને સંકટમાં મૂકી દે છે ધાનેરામાં વ્યાજ ખાનારા તત્વો નો રાફડો ફાટી નીકળ્યો છે.

જેઓ ધિરાણના લાયસન્સ વગર અને ઈન્કમટેક્સથી બચવા માટે ગરીબ લોકો નો શિકાર બનાવીને પોતાની દાદાગીરી જમાવી વ્યાજે લેનારા લોકોને ગળે ટૂંપો ખાવાનો સમય આવે છે આવા તત્વો ધાનેરામાં ઠેર ઠેર જોવા મળી રહ્યા છે ગરીબ લોકોને રૂપિયા આપી શિકાર બનાવી શીશા મા ઉતારી રહ્યા છે આ બાબતે ગરીબ પ્રજા મૂડી સાથે દસ ગણા વ્યાજ આપવા છતાં પણ વ્યાજનું વ્યાજ લઈ લોકોને સંકટમાં મૂકી રહ્યા છે આ બાબતે ધાનેરા પોલીસ તેમજ ઈન્કમટેક્સ વિભાગે તપાસ કરી આવા તત્વોને જેલના સળિયા પાછળ ધકેલી કાયદેસર ની કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાએ પ્રધાનમંત્રી આવાસ યોજનાના ચાર લાભાર્થીઓને નોટિસ ફટકારી

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ૧૮ ટકા વ્યાજ સહિત સહાયની રકમ પરત ભરવા વકીલ મારફતે નોટિસ ફટકારવામાં આવી

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ખોટા આધાર પુરાવા રજુ કરી સહાય પેટે મોટી રકમ મેળવતા તપાસ દરમિયાન વિગતો બહાર આવતા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા વકીલ મારફતે લાભાર્થીઓને નોટિસ પાઠવતા લાભાર્થીઓમાં સોપો પડી ગયો છે.

સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર વિહોણા લોકોને મકાન બનાવવા માટે ત્રણ લાખ જેટલી તબક્કાવાર સહાય ચુકવવામાં આવે છે. આ યોજના અંતર્ગત ખેડબ્રહ્મા નગરપાલિકામાં પણ ૧૦૫ લાભાર્થીઓએ આ સહાય યોજના માટે અરજી કરી હતી અને ત્યાં મોટાભાગના લોકોને સહાય ચૂકવાઈ ગઈ છે. નગરપાલિકા દ્વારા તાજેતરમાં તપાસ કરવામાં આવતા શહેર વિસ્તારની ચાર લાભાર્થીએ ખોટા આધાર પુરાવા અને પોતાનું મકાન હોવા છતાં સહાય માટે અરજી કરી સહાય મેળવવાનું બહાર આવવા પામ્યું છે.

જેથી ચીફ ઓફિસર દ્વારા નગરપાલિકાના વકીલ મારફતે ૧૩ ફેબ્રુઆરીના રોજ કાયદેસર નોટિસ પાઠવી લાભાર્થીઓને સહાયની રકમ પરત ભરવા જણાવવામાં આવ્યું છે.

નોટિસમાં જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા નગરપાલિકાના રહીશ મંજુલાબેન પોપટભાઈ પંચાલ, ગણેશ સોસાયટી પાસે, વસંત ધુળાભાઈ પ્રજાપતિ, રહે. સાઈનાથ સોસાયટી પાસે, કલ્પેશભાઈ રામાભાઈ પ્રજાપતિ જય અંબે સોસાયટી પાસે અને લલિતભાઈ છગનભાઈ પ્રજાપતિ ચંપાલપુર વિસ્તારના લાભાર્થીઓએ પોતાના નામે અથવા પરિવારના સભ્યના નામે પાકુ મકાન હોવા છતાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) બી.એલ.સી. ઘટકના ડી.પી.આર. ફેજ ૧ ના લાભાર્થી તરીકે મકાન હોવા છતાં લાભ મેળવેલ છે અને લાભાર્થીઓ અત્યાર સુધીમાં રૂપિયા ૩ લાખ સુધીની સહાય તેમના બેન્ક એકાઉન્ટ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર પદ્ધતિથી મેળવેલ છે આ લાભાર્થીઓએ સરકાર સાથે છેતરપિંડી કરી હોવાનું જણાવી લાભાર્થીઓએ દિન ૧૦માં મેળવેલ સહાય ૧૮ ટકા વ્યાજ સાથે પરત કરવા જણાવવામાં આવ્યું છે અને જો દસ દિનમાં રકમ પરત નહિ કરે તો નગરપાલિકા દ્વારા દિવાની અને ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે.

જાખેલ પાસે નર્મદા નહેરમાથી અજાણ્યા આધેડનો મળ્યો મૃતદેહ

નર્મદા મુખ્ય નહેર પાસે આવેલી પેટા નહેરમાથી આધેડ વ્યક્તિનો તરતો મૃતદેહ જોવા મળ્યો હતો. ત્યારે સ્થાનીક લોકો દ્વારા થરા પોલીસને જાણ કરવામા આવી હતી ત્યારે તાત્કાલિક થરા પોલીસ પહોચીને સ્થાનિક તરવૈયાની મદદથી મૃતદેહને બહાર કાઢ્યો હતો. વાત કરવામાં આવે તો વારંવાર નર્મદા કેનાલમા આત્મ હત્યાનાં બનાવો દીન પ્રતિદીન વધી રહ્યાં છે. ત્યારે ત્રણ દીવસ પહેલા કાંકરેજ તાલુકાના રાણકપુર પાસે પણ એક આધેડ મુખ્ય કેનાલમા જપલાવ્યાનો મેસેજ વાયરલ થયો હતો. ત્યારે આજે સવારે બનાસકાંઠા કાંકરેજ તાલુકાના જાખેલા ગામ પાસે આવેલી નર્મદા મુખ્ય કેનાલ ઉપર પેટા કેનાલના ગેટમા કોઈ અજાણ્યા આધેડ વ્યક્તિનો મૃતદેહ જોવા મળ્યો હતો.

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે મેગા પ્લેસમેન્ટ કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસા સ્થિત ઈજનેરી કોલેજમાં મેગા પ્લેસમેન્ટ કેમ્પ સરદાર પટેલ સહભાગી સંચય યોજનાના

અધ્યક્ષ સરદારસિંહ એમ. બારીઆના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

ચેરમેન સરદારસિંહ એમ. બારીઆએ વિદ્યાર્થીઓને સંબોધતા ચેરમેને જણાવ્યું હતું કે સ્ટાર્ટઅપ્સને પરિણામલક્ષી રીતે મૂર્તિમંત કરવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે અને આ અભિગમને આગળ ધપાવતાં રાજ્યમાં રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ સાથે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસી ઘડીને યુવાનોના સપના સાકાર કરવાની દિશા આપી છે. વધુમાં જણાવ્યુંહતુંકે, દુનિયામાં સૌથી વધુ યુવાશકિત ધરાવતા ભારતમાં યુવાધનના શકિત સામર્થ્યને યોગ્ય રોજગાર અવસર આપીને ગુજરાત રોજગાર સર્જન અને યુવા શકિતને નિખાર આપવામાં પણ રોલમોડેલ બને તેવી રાજ્ય સરકારની નેમ છે.

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ યુવા પેઢીનું ભાવિ ઉજ્જવળ બને તેવા હેતુથી સ્કીલ ઈન્ડીયા, મેઈક ઈન ઈન્ડીયા, સ્ટાર્ટઅપ ઈન્ડીયા, આઈક્રિયેટ જેવા અભિયાનોથી દેશના યુવાધનને વૈશ્વિક રીતે સમર્થ બનાવવા ડગ માંડ્યા છે. સ્કીલ હોય-યુવાધન હોય, સજ્જતા હોય ત્યારે આવનારી સદી યુવાનોની બનશે અને ગુજરાત એમાં રોલ મોડેલ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજ્યનો યુવાન તેની શૈક્ષણિક કારકિર્દીને અનુરૂપ નોકરી મેળવી પગભર બને તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ યુવાનોના ટેકનીકલ જ્ઞાન, વિચાર, ક્ષમતા અને રિસર્ચને નવી દિશા આપવા સ્ટાર્ટઅપ અને સ્ટુડન્ટ ઈનોવેશનના નવા અભિગમો અપનાવ્યા છે, ત્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે યુવાશકિતના ટેકનીકલ ઈનોવેશન્સને સ્ટાર્ટઅપથી પ્રોત્સાહન ધ્યેય રાખ્યો છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મહેસાણાને બેસ્ટ સ્વસહાય જૂથ એવોર્ડ એનાયત

નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ),

રિજ્યોનલ ઓફીસ, અમદાવાદ દ્વારા ૧૨-૨-૨૦૨૦ના રોજ નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર ખાતે એક દિવસીય સ્ટેટ ક્રેડીટ સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમીનારમાં મુખ્ય અતિથી તરીકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કૃષિમંત્રી આર.સી. ફળદુ, રાજ્ય કૃષિમંત્રી જયદ્રથસિંહ પરમાર, નાબાર્ડના ઉચ્ચ અધિકારીઓ અને બીજા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાબાર્ડ પુરસ્કૃત ઈ-શક્તિ પ્રોજેક્ટમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી મનોજ દક્ષિણી અને નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ યોજનામાં થયેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ સમગ્ર ગુજરાત રાજ્યમાંથી મહેસાણા જીલ્લાના બેચરાજી તાલુકાના આસજોલ ગામમાં કાર્યરત કુન્તામાતા સ્વસહાય જૂથને બેસ્ટ સ્વસહાય જુથનો એવોર્ડ આપવામાં આવેલ હતો. કુન્તામાતા સ્વસહાય જૂથ, આસજોલના લીડર ગીતાબેન પટેલ દ્વારા આ એવોર્ડ સ્વીકારવામાં આવેલ હતો.

ડીસામાં લોટરીના ઈનામના બહાને ઠગાઈનું કારસ્તાન

ગોવર્ધન પાર્ક સોસાયટીમાંથી ત્રણ ઈસમો ઝડપાયા : ત્રણ ફરાર

ડીસા, તા. ૧૪

ડીસાની ગોવર્ધન પાર્ક સોસાયટીમાં લોટરી લાગવાની છે તેમ કહી ઠગાઈ કરતા ત્રણ ઈસમો ઝડપાઈ જતા સોસાયટીના રહીશોએ તાત્કાલિક તેઓને પોલીસના હવાલે કરવામાં આવ્યા હતા તેથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ડીસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચોરી, લૂંટ, છેતરપિંડી અને ઠગાઈની ઘટનાઓ દિન-પ્રતિદિન વધી રહી છે. પોલીસ પણ આવી ઘટનાઓને રોકવા માટે છેલ્લા ઘણા સમયથી નિષ્ફળ નીવડી રહી છે ત્યારે ગઈકાલે શુક્રવારે શહેરની ગોવર્ધન પાર્ક સોસાયટીમાં વધુ એક ઠગાઈની ઘટના સામે આવી છે જેની મળતી વિગતો મુજબ ગોવર્ધન પાર્ક સોસાયટીમાં છ જેટલા ઈસમોએ મહેસાણાથી ઈકો ગાડી લઈ એવરેસ્ટ કંપનીની કુપનો વેચવાનું શરૂ કર્યું હતું જેમાં આ ઈસમો સોસાયટીના તમામ ઘરોમાં જઈ અને ૧૦૦ રૂપિયાની કુપન આપી અને મોટું ઈનામ લાગશે તેવી લાલચ આપી રહ્યા હતા જેના કારણે આ વિસ્તારમાં અનેક લોકોએ આ ઈસમોને સો રૂપિયા આપી આ કૂપનો ખરીદી હતી પરંતુ એક પણ વ્યક્તિને ઈનામ લાગ્યુ ન હતું બીજી તરફ બે વ્યક્તિઓને ઈનામ લાગતા તેમણે ઈનામની માંગણી કરી હતી પરંતુ આ ઈસમો દ્વારા તેઓને ઈનામ લેવા માટે વધુ ૨૪૯૯ રૂપિયા ભરવા પડશે તેમ જણાવ્યું હતું તેમ કહેતા તમામ રહીશોને પોતે છેતરાયા છે તેવું માલુમ પડ્યું હતું અને આ ઈસમો છેતરપિંડી આચરતા હોવાનું ધ્યાને આવતા તેમને પકડવાનો પ્રયાસ કર્યો હતો પણ છ જેટલા ઈસમ હોઈ ત્રણ લોકોના હાથે ઝડપાઈ ગયા હતા જ્યારે ત્રણ નાસી છૂટ્યા હતા. આ બાબતની તાત્કાલિક ધોરણે ડીસા ઉત્તર પોલીસને જાણ કરતાં પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી અને ત્રણેયને જેલ હવાલે કર્યા હતા.

સત્ય જે પણ હોય પરંતુ ડીસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી અસામાજીક તત્ત્વો દ્વારા લોકોની સાથે ઠગાઈ કરવામાં આવે છે. ત્યારે પોલીસે ત્રણેય યુવકોની વધુ પૂછપરછ હાથ ધરી છે જેના પગલે અનેક પ્રકારના વધુ ગુનાઓ તપાસમાં બહાર આવી શકે તેમ છે આ બાબતે સ્થાનિક રહીશ હરેશ પવાયાએ જણાવ્યું હતું કે આજે કોઈ કમ્પનીમાંથી આવેલા લોકોએ કુપન આપી ઈનામ લાગશે તેવું જણાવી આસપાસના લોકો પાસેથી સો-સો રૂપિયા ઉઘરાવેલા પરંતુ ત્યારબાદ ઈનામ માટે વધુ રકમ માંગતા લોકોને છેતરાયા હોવાનું માલુમ પડતા પોલીસને જાણ કરવામાં આવી હતી ત્યારે પોલીસ તેમની કડક પૂછપરછ કરી સચ્ચાઈ બહાર લાવે તેવી માંગ પણ કરી હતી. આ બનાવ શહેરમાં 'ટોક ઓફ ધી ટાઉન' બન્યો છે.

ડીસા- ધાનેરા સર્કલ નજીક ધ બર્નિંગ કાર

ડીસા ધાનેરા હાઈવે પર શુક્રવારે અચાનક રોડ સાઈડે ઉભેલી એક કારમાં આગ લાગતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો આગની ઘટનાના પગલે ફાયર ફાઈટરની ટિમ દોડી આવી પાણીનો મારો ચલાવી આગ ને કાબુમાં લીધી હતી ઘટનાના પગલે વાહન વ્યવહાર થંભી જતા વાહન ચાલકો સહિત લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા જોકે સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે કારમાં ચાલક ના હોઈ જાનહાની ટળી જવા પામી હતી. બાદમાં દોડી આવેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા દ્વારા ૧૦ મો સમૂહ લગ્નોત્સવ યોજાયો - ૩૦ નવદંપતી ઓએ પ્રભુતામાં પગલાં મોડ્યા - વડગામ, ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા દ્વારા પાલનપુર ખાતે આવેલ રામપુરા ચોકડી ખાતે ૧૦ મો સમુહલગ્ન સફળતા પુર્વક યોજાયો.જેમા ૩૧ નવ દંપતીઓ એ પ્રભુતા માં પગલાં પાડયાં હતાં.આ દસમા સમુહલગ્ન મહોત્સવ માં રાજ્યસભા ના સાંસદ શંભુપ્રસાદ ટુડીયા, ડૉક્ટર ઓબેડકર અંત્યોદય નિગમના ચેરમેન ગૌતમભાઈ ગેડીયા, ઉધોગપતિ મનીષભાઈ શ્રીમાળી,ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ રાજ્ય ના પ્રમુખ શ્રી જે.વી.શ્રીમાળી તથા ભાનુભાઈ દવે.પાલનપુર તાલુકા પંચાયત ના અધિક મદદનીશ ઈજનેર ગોવિદભાઈ ચૌધરી.જિલ્લા પંચાયત ના સદસ્ય બાલકૃષ્ણ જીરાલા સહીત અનેક મહાનુભાવો તથા સમાજ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.અને સમુહ લગ્ન મા જોડાયેલા તમામ નવ યુગલોને આર્શિવચન પાઠવ્યા હતા.દાતાઓ દ્વારા દાનની સરવાણી વહાવી હતી.સમાજના લોકો પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને દસમા સમુહ લગ્નોત્સવ ને સફળ બનાવ્યો હતો. ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠા ના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસિયા, મંત્રી શ્રી મોહનલાલ શ્રીમાળી,તથા સમાજ ના વડીલો દ્વારા સમુહલગ્ન મહોત્સવ ને સફળ બનાવવા શખ્ત મહેનત કરાઈ હતી.

સ્વસ્તિક શૈક્ષણિક સંકૂલ, પાલનપુરમાં અભ્યાસ કરેલ

પાલનપુરમાં રીક્ષા ડ્રાઈવરના દીકરાની કલાસ-૨ તરીકે નિમણુંક

બનાસકાંઠા જિલ્લા ના પાલનપુર દિન પ્રતિદિન શિક્ષાણનું હબ બનતું જઈ રહયું છે. ત્યારે આજના મોંઘવારી ના યુગમાં દિન-પ્રતિદિન શિક્ષણ મોંઘું બનતું જાય છે. એવા સમયમાં લેઉઆ પાટીદાર સમાજ દ્વારા જ્ઞાનની પરબ શરૂ કરવામાં આવેલ જેમાં આજે પણ આવા

મોંઘવારીના યુગમાં ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહ માં દીકરીઓને ફકત રૂ. ૩૦ માં અને દીકરાઓને ફકત રૂ. ૧૧૫૦ જેટલી નજીવી ફી માં અભ્યાસ કરાવવામાં આવે છે.

આજ રોજ પાલનપુર ખાતે રીક્ષા ડ્રાઈવીંગ કરીને પોતાનું ગુજરાન ચલાવતા અને એક દમ સામાન્ય પરિસ્થિતિના વ્યકિત રાજેશભાઈ ડાભી નો દીકરો તેજસ ડાભી જિલ્લા પંચાયતમાં વર્ગ-૨ તરીકે નિમણુંક પામ્યો હતો. તેજસ એ જણાવેલ કે સ્વસ્તિક સ્કૂલમાં નજીવી ફીમાં અભ્યાસ કરીને ગુણવત્તા યુકત શિક્ષણ મેળવેલ જેના કારણે મને ગર્વમેન્ટ એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવેલ અને બહાર પડીને બનાસકાંઠા જિલ્લા પંચાયત ખાતે માર્ગ અને મકાન વિભાગમાં વર્ગ-૨ના એન્જિનિયર તરીકે નોકરી મળેલ છે. જે બાળક નોકરી મળતાં આજે સ્વસ્તિક સ્કૂલમાં ગુરૂજીઓના આર્શીવાદ લેવા દોડી આવેલ ત્યાં સંસ્થા દ્વારા તેજસનું સન્માન કરવામાં આવ્યું હતું.જેમાં શાળા ના ગુરૂજીઓ હાજર રહ્યા હતા.